ભિક્ષુક સ્વીકાર કેંદ્ર ઓઢવ અમદાવાદની સંસ્થાના મકાન બાંધકામ બાબત.

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાંક:**SJED/NIR/e-file/17/2022/3196/CHH Section
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૯/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૦/૧૦/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૨૦/૫૪૫૮૧૩/નબા/છ

(૨)નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૨૨/૧૧/૨૦૨૨ ના પત્રક્રમાંક: સસુખા/બકમ/વહીવટી/૨૦૨૨-૨૩

(૨)નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૧૯/૦૧/૨૦૨૪ ના પત્રક્રમાંક: DSD/0270/01/2024.

(૩)નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૦૬/૦૮/૨૦૨૪ ના પત્રક્રમાંક: DSD/0103/08/2024.

**પ્રસ્તાવના :**

ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, ઓઢવ, અમદાવાદના મકાન બનાવવા માટે વંચાણે લીધેલા ક્રમાંક: (૧) પરના ઠરાવથી રૂ.૯૧.૦૦ લાખની વહીવટી મંજૂરી આપેલ હતી. પરંતુ સદરહુ મંજૂરી અપૂરતી હોઈ, ત્યારબાદ નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૨), (૩) અને (૪) ના પત્રથી ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, ઓઢવ, અમદાવાદના ખાતે ૧૦૦ અંતેવાસી(ભિક્ષુકો)ની ક્ષમતાવાળા અલગ અલગ ત્રણ બિલ્ડિંગ (કુલ ૩૦૦ ભિક્ષુક ક્ષમતા) બનાવવા તેમજ "સી" ટાઈપના કુલ ૪ ક્વાર્ટર બનાવવા માટે વર્ષ ૨૦૨૩-૨૪ મુજબ રૂ.૧૯.૯૨ કરોડ સુધારેલી વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગર સંચાલિત ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, ઓઢવ, અમદાવાદના ખાતે ખાતે ૧૦૦ અંતેવાસી(ભિક્ષુકો)ની ક્ષમતાવાળા અલગ અલગ ત્રણ બિલ્ડિંગ (કુલ ૩૦૦ ભિક્ષુક ક્ષમતા) બનાવવા તેમજ "સી" ટાઈપના કુલ ૪ ક્વાર્ટર બનાવવા માટે વર્ષ ૨૦૨૩-૨૪ મુજબ રૂ.૧૯.૯૨ માંથી TPI (Third Party Inspection )માટેના રૂ.૧૯.૦૦ લાખને બાદ કરી રૂ.૧૯.૭૩ કરોડની સુધારેલી વહિવટી મંજૂરી નાણા વિભાગની તા.૦૫/૦૯/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

અંદાજપત્ર નિયમસંગ્રહની જોગવાઈઓ અને સૂચનાઓનું અને સરકારશ્રીની નીતિ-જોગવાઈઓનું પાલન થાય તે નિયામકશ્રી(સમાજ સુરક્ષા)ની કચેરીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

વધુમાં, વંચાણે લીધા ક્રમાંક: (૧)ના ઠરાવઅની અન્ય તમામ વિગતો અને શરતો યથાવત રહેશે.

eSign
Signed by: DRASHTI PANKAJBHAI SHAH
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 13-Sep-2024 (02:58 PM)

**(દ્રષ્ટિ શાહ)**
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- અગ્ર સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી, નાણા વિભાગ(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી, છ-૧ શાખા- બજેટ શાખા તથા કોમ્પ્યુટર સેલ (વિભાગની વેબસાઈટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે)


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*